# ભારતીય જનતા પાર્ટી - ગુજરાત પ્રદેશ

## પ્રદેશ બૃહદ કારોબારી બેઠક

**તારીખ : ૧૯.૦૯.૨૦૧૭, મંગળવાર**

**સ્થળ : પં. દીનદયાળ ઉપાધ્યાય ઓડીટોરીયમ-કૉમ્યુનિટી હૉલ, રાજપથ કલબ પાછળ, એસ. જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ.**

## "અભિનંદન પ્રસ્તાવ"

ગુજરાત એ આગવું અને વિવિધતાઓ ધરાવતું રાજ્ય છે. આ રાજયના પનોતાપુત્રો રાષ્ટ્ર અને વિશ્વમાં પોતાની શકિતઓ અને ઓળખ ઉભી કરવામાં સફળ થયાં છે. આ આધ્યાત્કિકતાના જયોતિર્ધર સ્વામી દયાનંદ સરસ્વતિનું ગુજરાત છે. સત્ય, અહિંસાના દિશાદર્શક વિશ્વ માનવ મહાત્મા ગાંધીનું ગુજરાત છે. એકતા અને અખંડિતતાના તાંતણે રાષ્ટ્રને બાંધનાર લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલનું ગુજરાત છે. આ રાજયએ બંધારણાના ઘડવૈયા બાબાસાહેબ આંબેડકર, ભારતીય સંસ્કૃતિનો ડંકો વિશ્વમાં ગુંજતો કરનાર સ્વામી વિવેકાનંદ, બી.એ.પી.એસ. સંસ્થાના પૂજય પ્રમુખ સ્વામી મહારાજની વિશ્વનું કલ્યાણ થાવ વિચારધારાને પોષણ અને વિસ્તાર આપવાનું કાર્ય કર્યું છે. વિશ્વમાં ભારતની આગવી ઓળખ ઉભી કરનાર આપણાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને વિશ્વમાં સૌથી મોટું રાજકિય સંગઠન બનાવવાના યશભાગી ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિત શાહ ગુજરાતની ભૂમિના સપુત છે જેની કારોબારી ગૌરવભેર નોંધ લે છે. આપણું આ ગૌરવવંતુ ગુજરાત છે.

ગુજરાતમાં લોકતંત્રનો મહત્વનો ઉત્સવ ચૂંટણી આવી રહી છે. આ ચૂંટણીમાં ભાજપાનો દરેક કાર્યકર્તા ૧૫૦+ ના લક્ષ્યાંક સાથે કાર્ય કરી રહેલ છે. ગુજરાતની જનતા-જનાર્દનના હૈયામાં ભાજપાનું સ્થાન મજબુત થયેલ છે. ગુજરાતની જનતાએ ભાજપાને સમયે સમયે ગુજરાતમાં યોજાયેલા લોકશાહીના પર્વ ચૂંટણીમાં તક આપીને "કમળ" ને વિજયી બનાવવાનું કાર્ય કર્યું છે., આપણાં સૌના પ્રેરણાસ્ત્રોત પંડિત દિનદયાળ ઉપાધ્યાયની જન્મ શતાબ્દી સમગ્ર દેશ ઉજવી રહેલ છે ત્યારે ગુજરાત ભાજપાની પંડિત દિનદયાળ ઓડીટોરિયમમાં મળી રહેલી કારોબારી ગુજરાતની જનતા જનાર્દનને વંદનકરી ભાજપાની વિકાસયાત્રા અને વિજયયાત્રામાં સહયોગી બનેલાં ગુજરાતવાસીઓનો આભાર વ્યક્ત કરીને ૨૦૧૭ના નિર્ણાયક જંગમાં ભાજપાના લક્ષ્યાંકને પૂર્ણ કરવામાં સહયોગી બનવા, ભાજપાને ગુજરાતમાં પુન: જીતાડી નવાં ભારતના નિર્માણના પ્રચારક બનવાં આહવાન કરે છે.

આજરોજ મળી રહેલી પ્રદેશ કારોબારી કેન્દ્રની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કાર્યરત સફળ કેન્દ્ર સરકાર અને ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં કાર્યરત સફળ રાજય સરકારના પ્રજાકલ્યાણલક્ષી કાર્યોની સરાહના કરીને અભિનંદન આપે છે.

ગુજરાતની મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલની પારદર્શક, સંવેદનશીલ, નિર્ણાયક પ્રગતિશીલ સરકારને એક વર્ષમાં ૩૬૫ દિવસમાં ૪૭૫ પ્રજાકલ્યાણલક્ષી નિર્ણયો કરવા બદલ અભિનંદન આપે છે. ગુજરાતની સરકારે સમાજના તમામ વર્ગ અને રાજયના તમામ વિસ્તારને વિકાસના લાભ પહોંચાડવા પરિશ્રમ કર્યો છે. સરકારના તમામ વર્ગને સરકાર પોતીકી લાગી રહી છે તે મોટી સફળતા છે.

ગુજરાત સરકારે અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિન પટેલે કુદરતી આફત વખતે સ્થળ પર હાજર રહીને સમાજના દુ:ખમાં સાથી બનીને આખીયે સરકારને બનાસકાંઠાથી કાર્યરત કરી જન જીવનને પુન: ધબકતુ કરવાની સક્રિય ભૂમિકા ભજવી છે. માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને તેમની સરકાર સતત પાંચ દિવસ પુરગ્રસ્ત વિસ્તારોમાં રોકાઇને નાગરિકોના દુ:ખમાં ભાગીદાર બનીને રાહતો પહોંચાડેલ છે. માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ પોતાનો જન્મદિવસ પુરગ્રસ્તોની વચ્ચે રહીને તેમને મદદરૂપ બનવામાં અનેક નિર્ણયો કાર્યો કર્યા છે. પાણીનીવચ્ચે ફરીને તેઓ પુરગ્રસ્ત લોકોને મદદે અનેક જગ્યાએ ગયા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ અસરગ્રસ્તોને સહાયરૂપ થવા ૫૦૦ કરોડની સહાય, રાજય સરકારે ૧૫૦૦ કરોડનું પેકેજની સહાય, પરંપરાગત સહાયમાં વધારો, સમાજ સેવી સંસ્થાઓ અને નાગરિકોએ સહાયનો ધોધ વહેવડાવી અડીખમતાનો અને "અમે સૌ ગુજરાતીઓ એક છીએ"નો પરિચય રાષ્ટ્રને કરાવ્યો છે તેની કારોબારી વિશેષ નોંધ લે છે. કેન્દ્ર સરકાર, રાજય સરકાર અને ગુજરાતની જનતા જનાર્દનનો ગુજરાતની આગવી પરંપરાને જીવંત રાખવા બદલ આભાર વ્યકત કરે છે.

✓ **<u>નમો ટેબલેટ</u> :**

ગુજરાતના યુવાનોની આવતીકાલ ઉજવળ બને, વિશ્વના લોકો સાથે બરાબરી કરી શકે, ભાવી પડકારોને પહોંચી શકે તે માટે માન. શ્રી વિજયભાઇ રૂપાણીની રાજ્ય સરકાર હરહંમેશ કાર્યશીલ હોય છે, રાજયમાં પ્રોફેશનલ કોર્સીસની બેઠકો વધારવા અને ટેકનીકલ બ્રાન્ચના અપગ્રેડેશન સાથે વિવિધ ફેકલ્ટીની દેશમાં સૌપ્રથમ યુનિવર્સિટીઓની સ્થાપના કરી રાજયના વિદ્યાર્થીઓને રોજગારી અને આંત્રપ્રીન્યોરશીપ માટેનું પ્લેટફોર્મ પૂરૂ પાડ્યુ છે. આ શ્રૃંખલાને આગળ વધારતાં રાજયના ઉચ્ચ શિક્ષણમાં કોલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ લેતાં ૩.૫ લાખ વિદ્યાર્થીઓને “નમો” ટેબલેટ માત્ર રૂપિયા ૧૦૦૦ની કિંમતે આપી ટેકનોલોજીયુક્ત શિક્ષણની સુવિધા પૂરી પાડી છે. વધુમાં કોલેજ કેમ્પસમાં વાઇફાઇ સુવિધા ઉપલબ્ધ કરાવવાની અને યુવાનોને પ્રોત્સાહીત કરતી અનેક યોજનાઓ માટે રાજય સરકારની નેમ ને વધાવી લેતાં આજ આ કારોબારી માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલની રાજય સરકારને લાખ લાખ અભિનંદન પાઠવે છે.

✓ **<u>ખેડૂતલક્ષી નિર્ણયો</u> :**

રાજયમાં કૃષિલક્ષી અનેકવિધ યોજના હાથ ધરાય છે નર્મદાના પાણી પ્રાપ્ત થવાથી કૃષિની સમુધ્ધિ વધેલ છે અને ખેડૂતોને સીધા લાભ, વધુ કૃષિ ઉત્પાદન પ્રાપ્ત થઇ રહેલ છે. રાજયમાં આ વર્ષે ૧.૨૫ લાખ નવા ખેતીના વીજ કનેકશનનો આપવાનું ચાલુ છે. રાજયમાં ખેડૂતોને ૧%ના વ્યાજે ક્રોપ લોન-પાક ધિરાણ પ્રાપ્ત થઇ રહેલ છે, આ વખતે રાજયમાં પ્રથમ વાર મગફળી અને દાળના ભાવ નીચા જતા ટેકાના ભાવે ૧૭૦૦ કરોડ જેટલી કૃષિ પેદાશોની ખરીદી રાજય સરકાર દ્વારા કરાયેલ છે, ખેડૂતોના પાકને ભુંડ અને રોઝ થી નુકશાન થતું અટકાવવા રૂ. ૭૦૦ કરોડની ફાળવણી કરાયેલ છે.

આમ ખેડૂતોના હિતમાં અનેકવિધ નિર્ણયો માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલની સરકાર દ્વારા થયેલ છે તેના માટે આ કારોબારી રાજય સરકારને અભિનંદન પાઠવે છે.

✓ **<u>વનબંધુ</u> :**

રાજય સરકારે આદિવાસીઓના વિકાસ માટે અનેકવિધ પગલાં ભર્યા છે પેસા એકટનો અમલ અને વનબંધુ વિકાસ યોજના દ્વારા આદિવાસી વિસ્તારમાં અનેક સામાજિક અને માળખાકીય સુવિધાઓ પ્રાપ્ત થયેલ છે. હાલમાં જ દેશના વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કેવડીયા-ડભોઇ કાર્યક્રમ દરમ્યાન જાહેરાત કરેલ છે કે, ગુજરાત અને દેશના આદિવાસી સમાજનું દેશની આઝાદી માટે જે યોગદાન રહેલું છે તેનું કેવડીયામાં સરદાર પટેલના સ્ટેચ્યુની પાસે આદિવાસી મ્યુઝીયમ હાથ ધરાશે અને વડાપ્રધાનશ્રીના હસ્તે તેનું ખાતમૂર્હૂત પણ કરાયેલ છે.

✓ **<u>કોંગ્રેસના કુશાસનની સામે ભાજપનું પ્રજાલક્ષી પ્રગતિશીલ સુશાસન</u> :**

ગુજરાતમાં ૧૯૯૫ પહેલાનાં કોંગ્રેસના ભૂતકાળના કુશાસનનો પર્દાફાશ કરીને ભાજપના સુશાસનના સત્યને ઉજાગર કરતી કેટલીક વિગતો ગુજરાતની જનતા સમક્ષ મુકવાની નૈતિક ફરજ સમજીને રજૂ કરીએ છીએ. તે વિગત પરથી કોંગ્રેસના કુશાસનની સામે ભાજપનું પ્રજાલક્ષી પ્રગતિશીલ સુશાસન છે તે નીચેની વિગતો ઉપરથી સ્વંયસ્પષ્ટ બને છે.

- ગુજરાતમાં ૧૯૯૫ પહેલાં ૭ યુનિવર્સિટીઓ હતી. આજે ગુજરાતમાં ૫૭ યુનિવર્સિટીઓ છે.
- ૧૯૯૫ પહેલાં ડિગ્રી/ડિપ્લોમાં એન્જીનીયરીંગ-મેડીકલ સીટોની કુલ સંખ્યા ફકત ૯,૧૪૦ હતી, જે હાલ વધીને ૧,૪૯,૬૫૧ સુધી પહોંચી છે.
- કોંગ્રેસ સમયમાં ગુજરાતનું કૃષિ ઉત્પાદન રૂ. ૯,૦૦૦ કરોડ હતું તે ભાજપના શાસનમાં વધીને વાર્ષિક રૂ.૧ લાખ ૨૬ હજાર કરોડ સુધી પહોંચ્યું છે.
- ગુજરાતની માથાદીઠ આવક રૂ. ૧૩,૬૬૫ થી વધીને રૂ. ૧,૪૧,૫૦૪ સુધીની થઈ છે.

- ગુજરાતનું વાર્ષિક બજેટ ૧૯૯૫-૯૬માં રૂ. ૧૦,૨૩૨ કરોડનું હતું તે ૨૦૧૬-૧૭માં રૂ. ૧,૭૨,૧૭૯ કરોડ વિસ્તાર પામ્યું છે.
- માતા મૃત્યુદર ૨૦૨થી ઘટીને ૧૧૨નો થયો છે અને શિશુ મૃત્યુદર ૬૨થી ઘટીને ૩૩નો થયો છે.
- કોંગ્રેસના શાસનમાં ગુજરાતમાં બેરોજગારી ફૂલીફાલી હતી. છેલ્લા ૧૩ વર્ષથી સૌથી વધુ રોજગારી આપતું રાજ્ય છે. આજે દેશભરમાં ૮૪ ટકા રોજગારી પૂરું પાડતું ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે.
- મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની સરકારે છેલ્લા એક વર્ષમાં ૮૦,૦૦૦ સરકારી નોકરીઓ આપવામાં આવી છે અને બે વર્ષમાં ૧૦ લાખ જેટલી અન્ય ક્ષેત્રોમાં રોજગારીની તક રાજ્યના યુવાધનને પૂરી પાડી છે.
- રાજ્ય સરકાર દ્વારા દારૂબંધી અને હુક્કાબંધીના કાયદાને કડકાઈથી અમલવારી કરવાથી યુવાધનને રોળાતું બચાવાયેલ છે અને સમગ્ર સમાજોમાં તેને આવકાર પ્રાપ્ત થયેલ છે.
- ગૌ હત્યા રોકવાના કાયદાને સખ્તાઈ સાથે વધુ સજાની અમલવારીથી ગૌમાતા પ્રત્યેની ભાવના વધુ ઉજાગર બનેલ છે અને આ પ્રકારના હલકા કૃત્યમાં સંકળાયેલાઓ અદૃશ્ય થઈ ગયેલ છે.
- નાના અને મધ્યમ વર્ગના વાલીઓ પણ પોતાના સંતાનોને સારો અભ્યાસ પસંદગી મુજબ કરાવી શકે તે માટે સરકાર દ્વારા હાથ ધરાયેલ ફી નિયંત્રણ કાયદો અમલમાં આવતા સમગ્ર ગુજરાતમાં આવકાર પામેલ છે.
- સૂચિત સોસાયટી અને યુ.એલ.સી.ના નિર્ણયના કારણે મધ્યમ વર્ગના ૧૦ લાખ લોકોને પોતાના જમીન-મકાનના માલિકી હક્કો પ્રાપ્ત થયેલ છે.

આમ, ગુજરાતના વિકાસની ક્ષિતિજોને વિસ્તારમાં અવિરત પણે આગળ વધતુ રહ્યુ છે ભાજપા સરકારોએ સિધ્ધિ કર્યું છે કે "અવિરત વિકાસ અડીખમ ગુજરાત સૌનો વિકાસ સૌનો સાથ"

✓ **<u>બૂલેટ ટ્રેનની ભેટ</u> :**

ગત અઠવાડિયુ ગુજરાતની જનતા અને દેશ માટે એક સંભારણુ અને ઐતિહાસિક ઘટનાનું સાક્ષીરૂપ રહ્યું. દેશના વડાપ્રધાન અને ગુજરાતના સપૂત કે જેમને હૈયે સદાય ગુજરાત વસેલુ છે, તેવા આપણાં નરેન્દ્રભાઇ મોદીએ દેશને અન્ય દેશોની હરોળમાં મૂકતા સાબરમતી થી મુંબઇ સુધીની હાઇસ્પિડ રેલ્વે (બૂલેટ ટ્રેન)નું ખાતમૂર્હૂત કર્યું. રૂ. ૧.૧૦ લાખ કરોડના મહત્વપૂર્ણ બૂલેટ ટ્રેન પ્રોજેકટના કામને શુભારંભ કરાવ્યો.

આ પ્રોજેકટ માટે જાપાન સરકાર ૮૮,૦૦૦ કરોડ રૂપિયાની લોન નજીવા વ્યાજે (૦.૧%)થી આપશે અને તેની પરત ચુકવણીની મુદત ૫૦ વર્ષ નકકી કરાયેલ છે.

આ બૂલેટ ટ્રેનથી અમદાવાદ-મુંબઇ વચ્ચે ૭૫૦ મુસાફરો વહન કરી શકશે અને રોજની ૭૦ ટ્રીપ રહેશે. આ ટ્રેન ભારતની સૌથી વધુ ઝડપ ધરાવતી ટ્રેન હશે (૨૫૦ થી ૩૨૦ કી.મી.ની) આ ટ્રેન બે થી અઢી કલાકમાં મુંબઇ પહોંચાડશે. આઝાદીના ૭૫ વર્ષ પુર્ણ થયે (૧૫ ઓગષ્ટ ૨૦૨૨) આ બૂલેટ ટ્રેનની સેવા શરૂ થઇ જશે. દેશની સૌથી પહેલી બૂલેટ ટ્રેનની ભેટ ગુજરાતની ધરતીને આપવા બદલ આજની આ કારોબારી માન.વડાપ્રધાનશ્રીનો આભાર માની અભિનંદન પાઠવે છે.

✓ **<u>પારદર્શી શાસન</u> :**

ઘોર નિરાશા અને ભ્રષ્ટાચારથી ખરડાયેલ કોંગ્રેસનો દસ વર્ષના શાસનનો દેશને અનુભવ થઇ ગયેલ છે. દેશ કોંગ્રેસના ભ્રષ્ટાચારના ભોરીંગથી ગ્રસ્ત થઇ ગયેલ, આકાશ, પાતાળ, જમીન, સમુદ્રી વગેરે પર કોલસા, સ્પેક્ટ્રમ અને અનેક કૌભાંડોની હારમાળા કોંગ્રેસે સર્જેલ. ૧૨ લાખ કરોડના ભ્રષ્ટાચારો કોંગ્રેસના શાસનમાં બહાર આવ્યા છે.

કોંગ્રેસના દસ વર્ષના કુશાસન બાદ કરોડો દેશવાસીઓના વિશ્વાસ અને આશાના પ્રતિક સમી ભા.જ.પા. સરકાર ૨૦૧૪માં કેન્દ્રમાં શાસનમાં આવી, ત્રણ વર્ષની અગણિત ઉપલબ્ધીઓમાં સૌથી મોટી ઉપલબ્ધી હોય તો તે ભ્રષ્ટાચાર મુકત પારદર્શી શાસન વ્યવસ્થા કેવી હોય તેનું ઉદાહરણ દેશ સમક્ષ રજૂ કર્યું છે, ડાયરેકટ

બેનીફીટ ટ્રાન્સફર (ડીબીટી) દ્વારા ગરીબોના ખાતામાં સિધાજ પૈસા જમા થાય છે અને વચેટીયાઓ દુર થયા છે. કેન્દ્ર સરકારમાં નરેન્દ્રભાઇના શાસનમાં વિરોધીઓ ભ્રષ્ટાચાર માટે એકપણ આરોપકરી શકયા નથી, જાહેર જીવન અને પ્રશાસનમાં  ઉચ્ચ આદર્શો અને મુલ્ય નિષ્ઠ કાર્યપધ્ધિતની મિશાલ દેશ સમક્ષ મૂકવા બદલ કેન્દ્ર સરકારને લાખ-લાખ અભિનંદન.

✓ **<u>ડોકલામ મુદ્દે રાજદ્વારી વિજય</u> :**

માન. શ્રી નરેન્દ્રભાઇ મોદીના વડાપ્રધાન પદના શપથ પછી વૈશ્વિક રાજનીતિમાં દેશે કાઠુ કાઢયુ છે. વિશ્વના દેશોની નજર ભારતના અભિગમ અને અભિપ્રાય સ્વીકારતા અને માંનતા થયા છે, પડોશી દેશો સાથેના દ્વિપક્ષીય સંબંધો સાથે ભારતના સાર્વભૌમત્વને અક્ષૃણ રાખતાં તાજેતરમાં સિક્કીમ સરહદે ડોકલામ વિસ્તારમાં ચીન સાથે લગભગ દોઢ મહિના સુધી ચાલેલા પ્રશ્નમાં ભારતે મક્કમતા બતાવી. ચીનની વિસ્તારવાદી માનસિકતાને પરાસ્ત કરી ચીનને પીછેહઠ કરવા માટે ભારતીય સેનાએ મજબૂર કરી. માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની રાજનૈતિક કુનેહ અને દૃઢ મનોબળ પ્રતાપે ચીને નાકલીટી તાણવી પડી. દેશના સૈન્ય અને કરોડો નાગરિકોમાં જુસ્સો અને દેશની અખંડીતતા માટેની તાકાત આપવા બદલ આ કારોબારી કેન્દ્ર સરકારને લાખ-લાખ અભિનંદન પાઠવે છે.

✓ **<u>સંકલ્પ સે સિધ્ધી</u> :**

સ્વરાજ મેળવવા લાખો લોકોએ પોતાના પ્રાણ ન્યોછાવર કરી દીધા, હવે સુરાજયને કરોડો નાગરિકો પોતાના જીવનનો ભાગ બનાવે તેવી આહલેક જગાડતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ "સંકલ્પ સે સિધ્ધી" કાર્યક્રમ અંતર્ગત દેશના તમામ જિલ્લાઓમાં આઝાદીના પર્વની ઉજવણીમાં નવા ભારત નિર્માણ માટે સંકલ્પ આપ્યાં. સ્વચ્છતા, સામાજિક સમરસતા, દેશ દાઝ જેવા સામાજિક મૂલ્યોની ખિલવણી નાગરિકોમાં કરવા બદલ કેન્દ્ર સરકારનો ખૂબ ખૂબ આભાર-અભિનંદન.

✓ **<u>બક્ષીપંચ કમિશન</u> :**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના કમિશનના બંધારણીય દરજ્જો આપવામાં માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કમર કસેલ છે. કોંગ્રેસના અવરોધના કારણે સંસદમાં હાલ બિલ અટવાયેલ છે, કોંગ્રેસ તેની ઓ.બી.સી. સમાજ માટેની વિરોધી માનસિકતા છતી કરે છે. પરંતુ ભાજપા અને કેન્દ્ર સરકાર કટિબધ્ધ છે અને ઓ.બી.સી. કમિશનને ચોક્કસ પણે બંધારણીય દરજ્જો અપાવશે.

રાજયમાં ૬ (છ) શહેરોને સ્માર્ટ સીટીનો તરીકે સમાવેશ કરેલ છે ત્યારે અંદાજે રૂ. ૩,૦૦૦ કરોડ કરતાં વધારે રૂપિયાના લાભો શહેરીક્ષેત્રમાં પ્રાપ્ત થશે.

**કેન્દ્રમાં ભાજપાની માન. શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર દ્વારા રાજયને અનેકવિધ લાભો પ્રાપ્ત થયા છે.**

- કોંગ્રેસના શાસનમાં ૧૩માં નાણાપંચ દ્વારા ગુજરાતને ૪૩,૩૪૫ કરોડ રૂપિયા કેન્દ્રીય કરમાંથી મળતા હતાં આજે ભાજપ શાસનમાં ૧૪માં નાણાપંચ દ્વારા ૧,૨૨,૪૫૩ કરોડ રૂપિયા પ્રાપ્ત થઈ રહ્યાં છે. એટલે કે ૭૯,૧૦૮ કરોડ રૂપિયા વધુ ગુજરાતને મળતા થયાં છે.
- ગુજરાતને અનુદાન ૮,૪૮૬ કરોડથી વધીને ૧૭,૯૬૨ કરોડ રૂપિયા પ્રાપ્ત થઈ રહ્યું છે. જે બે ગણુ વધુ એટલે કે ૯,૪૭૬ કરોડ રૂપિયા મળતાં થયા છે.
- રાજય આપત્તિ ફંડમાં સહાય રૂ. ૮૩૯ કરોડ વધીને રૂ. ૨,૯૨૦ કરોડની થઈ ગઈ છે.
- સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને અનુદાન રૂ. ૨,૭૨૩ કરોડમાંથી રૂ. ૧૫,૦૪૨ કરોડનું થયું છે. એટલે કે, પાંચ ગણુ વધીને રૂ. ૧૨,૩૧૯ કરોડ થયું.
- આમ ગુજરાતને કેન્દ્ર તરફથી મળતી સહાય ૯૫,૦૩૪ કરોડ એટલે કે અઢી ગણી વધીને ૬૩,૩૪૩ કરોડ માંથી ૧,૫૮,૩૭૭ કરોડ સુધીના વિક્રમજનક આંકે પહોંચી છે.
- પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજનાના લાભાર્થીઓની સંખ્યા ગુજરાતમાં ૪૫,૯૧,૪૭૯ છે.

- પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વિમા યોજનાનો લાભ ૧૯ લાખથી વધુ લોકોને મળ્યો છે.
- અટલ પેન્શન યોજનાના લાભાર્થી ૧,૨૭,૦૦૦થી વધુ છે.
- પ્રધાનમંત્રી જનધન યોજનામાં ગુજરાતમાં ૧ કરોડ ૮ લાખ જેટલાં ખાતા ખુલ્યાં છે. જેમાં ૨,૬૩૧ કરોડ રૂપિયા જમા થયાં છે.
- પ્રધાનમંત્રી મુદ્રા યોજનાનો ૨૫ લાખ જેટલાં લાભાર્થીને લાભ મળ્યો છે. જેમાં ૧૬ હજાર કરોડ કરતાં વધુની સહાય પ્રાપ્ત કરાવવામાં આવી છે.
- સ્વચ્છ ભારત અભિયાન હેઠળ ગુજરાતમાં ૨૭ લાખ ૯૮ હજાર શૌચાલય બનાવાયેલ છે. કુલ ૧૫,૨૯૨ ગામ ખુલ્લામાં શૌચક્રિયાના દુષણ માંથી મુક્ત બન્યાં છે.
- પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના દ્વારા ૭.૬૭ લાખ એલ.પી.જી.ગેસ કનેકશન ગુજરાતમાં આપીને ગરીબ મહિલાઓને ધુમાડા યુક્ત ચુલા માંથી મુક્તિ આપીને રોગ મુક્ત બનાવી છે.
- રાજયને પ્રાપ્ત થતી રોયલ્ટી વર્ષો સુધી કેન્દ્રની કોંગ્રેસ સરકારે રોકીને રાખેલ, જેને નરેન્દ્રભાઇ મોદી દ્વારા તુરત જ મંજુર કરાવી આપેલ અને અત્યાર સુધીમાં રોયલ્ટીના રૂ. ૮,૦૦૦ કરોડ જેટલા પ્રાપ્ત થઇ ગયેલ છે.
- રાજયની વીજળી ઉત્પાદનમાં કોલસો મહત્વનો રહેલો છે કોલસાના વેગનો પ્રાપ્ત થતા ન હતાં અને પૂરતો કોલસો પણ મળતો ન હતો, હવે કેન્દ્ર સરકાર દ્વારા કોલસાનું પૂર્ણ સ્વરૂપનું વિતરણ ગુજરાતને થઇ રહ્યું છે. અને રાજયને પૂરતો કોલસો મળી રહ્યો છે.
- કેન્દ્ર સરકારના ૩ વર્ષના શાસનમાં ગુજરાતને સૌથી વધારે નેશનલ હાઈવે પ્રાપ્ત થયા છે. રેલ્વેમાં નવી ટ્રેનોની સુવિધાઓ સાથે ગુડ્સ ટ્રેનનો પુરતો ક્વોટા મળતો થયો છે.
- નોટબંધીના ઐતિહાસિક કાર્ય દ્વારા દેશના અર્થતંત્રને નવું બળ પ્રાપ્ત થયું છે અને વૈશ્વિક કક્ષાએ આ કાર્યને બિરદાવવામાં આવી રહેલ છે. સાથોસાથ આતંકવાદ, નક્સલવાદ અને દેશવિરોધી પ્રવૃત્તિઓને લગામ લાગેલ છે.
- શ્રી નરેન્દ્રભાઈની અન્ય દેશો સાથેની સબંધો વિકસાવવાની આગવી કુનેહના કારણે ભારતને અનેક લાભો પ્રાપ્ત થયા છે. સાથોસાથ ભારતને નુકસાન કરતી અન્ય દેશોની હરકતો ઉપર લગામ લાદવા સર્જીકલ સ્ટ્રાઈક જેવા પગલાંએ રાષ્ટ્રભાવના પ્રત્યેક દેશવાસીમાં પ્રબળ બનાવેલ છે.

આજની આ કારોબારી ગુજરાત સરકારના અને કેન્દ્ર સરકારના સમાજ હિતના લેવાયેલ નિર્ણયો અને કાર્યો ધ્યાનમાં લેવાનો ગુજરાતની જનતાને અનુરોધ કરી ગુજરાત વિરોધી અપપ્રચારની સામે "સૌનો સાથ સૌનો વિકાસ"ને સાકાર કરવા ગુજરાતને મજબુત સરકાર આપી મજબુત રાષ્ટ્રનો આધાર બની "નવા ભારત" નિર્માણમાં યોગદાન આપવા આહવાન કરે છે. તેમજ કેન્દ્ર સરકાર૪ રાજય સરકારને અભિનંદન પાઠવે છે.

## ॥ ભારત માતા કી જય ॥